# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ત્રિનિદાદ અને ટોબેગોમાં રહેતા ભારતીય મૂળના નાગરિકોને હવે ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા- OCI કાર્ડ અપાશે
2) શ્રી મોદીએ આજે અને આવતીકાલે આર્જેન્ટિનાની મુલાકાતે જશે.
3) ગૃહમંત્રી અમિત શાહે વરસાદથી અસરગ્રસ્ત ગુજરાત સહિતના રાજ્યોના મુખ્યમંત્રી સાથે વાત કરી
4) લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે સરકાર એક અઠવાડિયામાં વર્ષ 2026 માટે હજ અરજીઓ સ્વીકારવાનું શરૂ કરશે.
5) કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે કહ્યું કે, વિકસિત ગુજરાતના નિર્માણમાં ગામનું મહત્વપૂર્ણ યોગદાન એ દરેક સરપંચની નૈતિક ફરજ છે.

..............................................................

(સમાચારને અંતે (આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM - Trinidad and Tobago

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જાહેરાત કરી હતી કે ત્રિનિદાદ અને ટોબેગોમાં રહેતા ભારતીય મૂળના નાગરિકોની છઠ્ઠી પેઢી હવે ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (OCI) કાર્ડ માટે પાત્ર બનશે. આનાથી તેઓ કોઈપણ પ્રતિબંધ વિના ભારતમાં રહી શકશે અને કામ કરી શકશે.

આજે સવારે ત્રિનિદાદ અને ટોબેગોમાં એક કાર્યક્રમને સંબોધતા શ્રી મોદીએ ભારતીય સમુદાયને તેમના પૂર્વજોની ભૂમિની મુલાકાત લેવા અને ભારત સાથેના સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા.

[s/b OCI કાર્ડ પર PM -28 સેકન્ડ]

શ્રી મોદીએ ત્રિનિદાદ અને ટોબેગોને UPI અપનાવનાર કેરેબિયન ક્ષેત્રમાં પ્રથમ દેશ બનવા બદલ અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે UPI અપનાવવું માત્ર ત્રિનિદાદ અને ટોબેગો માટે જ નહીં પરંતુ ભારત માટે પણ ફાયદાકારક છે.

[s/b PM -UPI T&T -26 સેકન્ડ]

ત્રિનિદાદ અને ટોબેગોના પ્રધાનમંત્રી કમલા પ્રસાદ-બિસેસરે જાહેરાત કરી છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને કેરેબિયન દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ ઓર્ડર ઓફ ત્રિનિદાદ અને ટોબેગો'થી સન્માનિત કરવામાં આવશે.

શ્રી મોદી ત્રિનિદાદ અને ટોબેગોના રાષ્ટ્રપતિ ક્રિસ્ટીન કાર્લા કાંગાલો અને પ્રધાનમંત્રી કમલા પ્રસાદ-બિસેસર સાથે પણ વાતચીત કરશે અને આજે સાંજે સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કરશે.

. . . . . . . . . .

# PM – Argentina VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અને આવતીકાલે આર્જેન્ટિનાની મુલાકાત લેશે. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર માઇલી સાથેની તેમની મુલાકાતમાં વેપાર અને અર્થતંત્ર પર ચર્ચાઓ મહત્વપૂર્ણ રહેશે. આ મુલાકાત એટલા માટે મહત્વપૂર્ણ રહેશે કારણ કે આર્જેન્ટિના મોટા આર્થિક સુધારાઓ કરી રહ્યું છે, જે તાજેતરના વર્ષોમાં ભારતમાં કરવામાં આવેલા સુધારાઓ જેવા જ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે 57 વર્ષમાં કોઇ ભારતીય પ્રધાનમંત્રીની આ આર્જેન્ટિનાની આ પ્રથમ મુલાકાત છે.

. . . . . . . . . .

# President – FOOTBALL TROPHY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં ડ્યુરન્ડ કપ ફૂટબોલ ટુર્નામેન્ટ 2025 ની ટ્રોફીનું અનાવરણ કર્યું. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ કહ્યું કે રમતગમત શિસ્ત, અને ટીમ ભાવનાનો વિકાસ કરે છે. ભારતમાં રમતગમત રાષ્ટ્રીય એકતાની ભાવના વિકસાવવા માટે એક શક્તિશાળી માધ્યમ છે.

(BYTE- PRESIDENT)

. . . . . . . . . .

# Amit Shah - CM Talk

ગૃહમંત્રી અમિત શાહે આજે વરસાદથી અસરગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રી સાથે ટેલિફોન પર વાત કરી હતી, જેમાં ગુજરાત, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાખંડ અને છત્તીસગઢના મુખ્યમંત્રીઓનો સમાવેશ થાય છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે જણાવ્યું હતું કે રાજ્યોમાં પૂરતી સંખ્યામાં રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ટુકડી તૈનાત કરવામાં આવી છે અને જરૂર પડ્યે વધારાની ટીમો મોકલવામાં આવશે. તેમણે મુખ્યમંત્રીઓને કેન્દ્ર સરકાર તરફથી શક્ય તમામ મદદની ખાતરી આપી હતી.

. . . . . . . . . . .

# Rijiju - Hajj Applications

લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે સરકાર એક અઠવાડિયામાં વર્ષ 2026 માટે હજ અરજીઓ સ્વીકારવાનું શરૂ કરશે. આજે નવી દિલ્હીમાં હજ સમીક્ષા બેઠક બાદ, શ્રી રિજિજુએ તમામ અરજદારોને ફોર્મ ભરવા અને સમયમર્યાદામાં અરજી કરવા વિનંતી કરી.

શ્રી રિજિજુએ કહ્યું કે 65 વર્ષથી વધુ ઉંમરના હજ યાત્રીઓ માટે તેમની સંભાળ રાખવા માટે એક વ્યક્તિ  હોવો ફરજિયાત છે. સરકાર હજ

યાત્રા દરમિયાન પુરુષો અને સ્ત્રીઓ માટે અલગ-અલગ રહેવાની વિનંતી પર વિચાર કરી રહી છે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# GUJARAT - SAMRAS GRAM PANCHAYAT

કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, ગ્રામજનોએ તેમના ગામના વિકાસની સંપૂર્ણ જવાબદારી નવનિયુક્ત સરપંચ અને સદસ્યોને સોંપી છે.

ગુજરાતના ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આયોજિત સમારોહમાં નવનિયુક્ત સરપંચો અને સદસ્યોને અભિનંદન પાઠવતા તેમણે આ મુજબ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું કે ગામનો સર્વાંગી વિકાસ, લોકશાહી કાર્યપ્રણાલીનું સંરક્ષણ અને વિકસિત ગુજરાતના નિર્માણમાં ગામનું મહત્વપૂર્ણ યોગદાન એ દરેક સરપંચની નૈતિક ફરજ છે.

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના દરેક ગામ વચ્ચે સફાઈ અને સ્વચ્છતાની હરીફાઈ થાય તેવું પ્રોત્સાહક વાતાવરણ સર્જવા આહવાન કર્યું છે. શ્રી પટેલે 761 સમરસ ગ્રામપંચાયતોને 35 કરોડ રૂપિયાની પ્રોત્સાહક ગ્રાન્ટ ડીબીટી દ્વારા ફાળવી હતી.

. . . . . . . . . .

# AMIT SHAH – BAJIRAO PESHWA

ગૃહમંત્રી અમિત શાહે આજે મહારાષ્ટ્રના પુણેમાં શ્રીમંત બાજીરાવ પેશ્વા-પ્રથમ ની પ્રતિમાનું અનાવરણ કર્યું. આ પ્રસંગે જાહેર સભાને સંબોધતા શ્રી શાહે કહ્યું કે બાજીરાવ પેશ્વાએ ઘણા મહત્વપૂર્ણ યુદ્ધો લડ્યા હતા. તેઓ બધા ગુણોનું ઉત્તમ ઉદાહરણ હતા. શ્રી શાહે કહ્યું કે બાજીરાવ પેશ્વાએ ભારતના મૂળ સ્વરૂપને બચાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

. . . . . . . . . .

# CUET-Result

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ આજે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ-CUET 2025નું પરિણામ જાહેર કર્યું છે. આ પરીક્ષા દેશની વિવિધ કેન્દ્રીય

યુનિવર્સિટીઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં સ્નાતક અને અનુસ્નાતક કાર્યક્રમોમાં પ્રવેશ માટે લેવામાં આવે છે.

. . . . . . . . . . .

## Jitan Ram Majhi

કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી જીતન રામ માઝીએ આજે જણાવ્યું હતું કે તેમના મંત્રાલયે છેલ્લા 10 વર્ષમાં 28 કરોડથી વધુ રોજગારીની તકો ઉભી કરી છે. મુંબઈમાં પત્રકાર પરિષદમાં શ્રી માઝીએ જણાવ્યું હતું કે તેમનું મંત્રાલય GDPમાં 30 ટકા, ઉત્પાદન ક્ષેત્રમાં 35.4 ટકા અને દેશના નિકાસમાં 45.73 ટકા યોગદાન આપે છે.

. . . . . . . . . . .

## Army-Operation Sindoor

સેનાના ઉપ ચીફ લેફ્ટનન્ટ જનરલ રાહુલ આર સિંહે ભારપૂર્વક જણાવ્યું છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સેનાનો વ્યૂહાત્મક સંદેશ સ્પષ્ટ હતો. આજે નવી દિલ્હીમાં ન્યૂ એજ મિલિટરી ટેક્નોલોજી અંગેની પરિષદને સંબોધતા, તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન લક્ષ્યોની પસંદગી, આયોજન ટેકનોલોજી અને ગુપ્ત માહિતી દ્વારા એકત્રિત કરવામાં આવેલા વ્યાપક ડેટા પર આધારિત હતું.

. . . . . . . . . . .

# ED-Chinese App

ચાઇનીઝ એપ રોકાણ છેતરપીંડી કેસમાં મુખ્ય સૂત્રધાર રોહિત વિજની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ-ED એ ધરપકડ કરી છે.

ED એ દિલ્હીમાં રોહિત વિજના ઓફિસ અને તેના સહયોગીઓ સાથે જોડાયેલા પાંચ પરિસરોની તપાસ કરી. હૈદરાબાદ સાયબર ક્રાઇમ દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે એજન્સીએ તપાસ શરૂ કરી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ચીન અને ભારતના કેટલાક લોકો નકલી રોકાણ એપ્સ દ્વારા રોકાણકારો સાથે છેતરપિંડી કરી રહ્યા હતા.

. . . . . . . . . .

# Manipur-Search operation

મણિપુર પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓએ આજે સવારે મણિપુરના પહાડી જિલ્લાઓમાં તપાસ અભિયાનમાં 203 ગેરકાયદેસર હથિયારો જપ્ત કર્યા.

મણિપુર પોલીસના મહાનિર્દેશકના જણાવ્યા અનુસાર, સુરક્ષા દળોએ મોટી માત્રામાં દારૂગોળો અને વિસ્ફોટક સામગ્રી પણ જપ્ત કરી હતી.

. . . . . . . . . .

# WEATEHR

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આગામી ત્રણ દિવસ સુધી પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

આકાશવાણી સાથે વાત કરતા, IMDના વૈજ્ઞાનિક ડૉ. આર.કે. જેનામાનીએ જણાવ્યું હતું કે આવતીકાલથી પશ્ચિમ હિમાલય પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ચોમાસાનો વરસાદ વધશે. હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આવતીકાલથી દિલ્હી-NCR માં પણ ભારે વરસાદ થવાની શક્યતા છે.

. . . . . . . . . .

# CRICKET TEST

ક્રિકેટમાં, એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની બીજી ટેસ્ટ મેચનાં ત્રીજા દિવસે છેલ્લાં અહેવાલ પ્રમાણે ઇંગલેન્ડે 5 વિકેટે 323 રન કર્યા છે. ઇંગલેન્ડ હજુ ભારતથી 264 રન પાછળ છે.

અગાઉ, ભારતે પ્રથમ ઇનિંગમાં 587 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો.

પાંચ મેચોની શ્રેણીમાં ઇંગલેન્ડ 1-0થી આગળ છે.

. . . . . . . . . .